# આર્ટસ કોલેજ શામળાજી આયોજીત પોલીસ ઈન્સ્પેક્ટર (PI)ના નિશુલ્ક તાલીમ વર્ગો

તારીખ :૦૬/૦૯/૨૦૧૭

આર્ટસ કોલેજ શામળાજી હંમેશા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને વખતો વખત સરકાર શ્રી દ્વારા લેવામાં આવતી સ્પાર્ધાત્મક પરીક્ષામાં શામળાજી વિસ્તારના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉતીર્ણ થાય એના માટે પ્રયત્નશીલ છે. ભૂતકાળમાં કોલેજ દ્વારા તલાટીની પરીક્ષા અને પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષા માટે તાલીમ વર્ગોનું ખુબજ સફળ આયોજન કર્યું હતું. અત્યારે ગુજરાત સરકાર દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર (PI) ની જાહેરાત આપવામાં આવેલી છે. જેમાં આપણ વિસ્તારના વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થાય તે હેતુથી આર્ટસ કોલેજ શામળાજી દ્વારા નિ:શુલ્ક પોલીસ ઈન્સ્પેક્ટર (PI) પરીક્ષા માટેના તાલીમ વર્ગો ચાલુ કરવાનું આયોજન કરેલ છે. આ તાલીમ વર્ગોમાં તાલીમ લેનાર સો(૧૦૦) વિદ્યાર્થીઓને મફતમાં પોલીસ ઈન્સ્પેક્ટર (PI)ની પરિક્ષામાં ઉપયોગી પુસ્તક આપવામાં આવશે.

- જે વિદ્યાર્થીએ (PI) પોલીસ ઈન્સ્પેક્ટરની પરીક્ષાનું ફોર્મ ભર્યું હોય તેમણે જ તાલીમ વર્ગો માટે અરજી કરવી.
- આ તાલીમ વર્ગોમાં જોડવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે.
- ઓનલાઈન રજીસ્ટ્રેશન માટેનું ફોર્મ **www.artscollegeshamlaji.org** પર ઉપલબ્ધ છે.
- પહેલા તે વહેલાના ધોરણે પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.
- તા. ૧૪/૦૯/૨૦૧૭ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી દેવું.